ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૪ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં વધતો જતો વાહકજન્ય રોગચાળો

સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો વધ્યો

ગાંધીનગર, તા.૨૧

પાટનગરમાં વાહનકજન્ય રોગચાળો દિવસેને દિવસે વકરી રહ્યો છે. મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. વધતી જતી વાહકજન્ય બિમારીના કારણે તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે. આ રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર દ્વારા ફોગીંગ અને પોરાનાશક કામગીરી ચાલી રહી છે.

શહેરમાં એક પછી એક વાહનકજન્ય રોગોનો ઉછાળો થઈ રહ્યો છે જયારે બીજી બાજુ કોરોનાનું સંક્રમણ ઘટયું છે. વર્તમાન પરિસ્થિતિને જોતા ઘરે ઘરે તાવ, ઉધરસ, શરદી, ખાંસી સહિતના દર્દીઓ જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં ડેન્ગ્યુ, ચીકનગુનીયા, કમળો, ટાઈફોઈડ, મેલેરિયાના કેસના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. જયારે ખાનગી હોસ્પિટલો પણ દર્દીઓથી ઉભરાઈ ગયા છે.

ચોમાસાની ઋતુમાં વરસાદી વાતાવરણમાં મચ્છરર જન્ય રોગચાળો ફેલાવાની ભીતી હોય છે. ભેજવાળા વાતાવરણમાં મચ્છરોનો ઉપદ્રવ વધારે હોવાથી આ રોગચાળો વકરી રહ્યો છે પરંતુ વરસાદ કે ભેજવાળુ વાતવરણ જ રોગચાળા માટે એક કારણભૂત નથી. વરસાદ પડવાથી ઠેર ઠેર ગંદકીનો માહોલ

સર્જાય છે અને આ ગંદકી સાફ કરવાનું કાર્ય તંત્ર દ્વારા સમયસર ન થવાથી આ રોગચાળો ફેલાય છે. સ્વચ્છ ભારત અભિયાનની વાતો કરતા તંત્ર દ્વારા ચોમાસાની ઋતુમાં આ સ્વચ્છતા અભિયાન જાણે ગજની ફીલ્મ માફક ભૂલાઈ જવા પામ્યું હોય તેવા ગંદકીના દૃશ્યો જોવા મળે છે. નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ રહે છે જેથી મચ્છરોનો ઉપદ્રવ વકરે છે. વરસાદી વાતાવરણ બાદ જનતાએ જાતે જ જાગૃત થઈને રોગચાળા દરમિયાન તમામ સૂચનાનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ તથા દવાનો છંટકાવ કરાવવો જોઈએ અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા રાખવી જોઈએ.

કેટલાક વિસ્તારોમાં નાગરિકો દયનીય સ્થિતિમાં રોગચાળાના ભય વચ્ચે જીવી રહ્યા છે. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજય છવાયેલું જોવા મળે છે. જેના કારણે વાતાવરણમાં ભારે દુર્ગંધ ફેલાય છે. અને વરસાદી જીવાતોનો ઉપદ્રવ વધે છે. ઘણી બધી જગ્યાએ કચરાના ઢગ પણ ખડકાયેલા છે તેમજ વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા નથી. જેથી કાદવ કીચડ વધી ગયો છે. અહીં જંતુનાશક દવાઓનો યોગ્ય સમયે છંટકાવ કરવામાં આવતો નથી જેને લઈ મોટા રોગચાળાની દહેશત વર્તાય છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ બુચે સેકટર-૨૨ જૈન દેરાસરની મુલાકાત લીધી હતી. તેઓએ અહીં દર્શન કરી તમામની સુખાકારી માટે આશીર્વાદ મેળવ્યા હતા.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ચિત્ર સ્પર્ધાનું પરિણામ

ગાંધીનગર, તા.૨૧

ગણેશ સાર્જવનિક મહોત્સવ સમિતિ દ્વારા વયજૂથ પ્રમાણે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપ એમા પ્રથમ ક્રમે રીયા ઠકકર વિજેતા થયા હતા. જેમને નિશિતભાઈ વ્યાસના હસ્તે ઈનામ આપી સન્માનિત કરાયા હતા. હ્રિદય ચકવર્તી એ ગ્રુપમાંથી પમાં ક્રમે કુદરતી દૃશ્ય બનાવીને વિજેતા બન્યા હતા.

સે-૨૯ ખાતે વંદે માતરમ્ પાર્ક-૨ ખાતે નવરાત્રી સમિતિની રચના કરાઇ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૯ ખાતે વંદે માતરમ્ પાર્ક-૨ સોસાયટીમાં વસાહતીઓ દ્વારા ભાદરવી પૂનમના પવિત્ર દિવસે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કથા દરમ્યાન વસાહતીઓ દ્વારા સૌના સારા આરોગ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ સાથે સોસાયટીમાં મિટિંગ યોજીને સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ નવરાત્રી ઉત્સવનું આયોજન કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. સોસાયટીમાં નવરાત્રીના આયોજન માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે કિરીટસિંહ વાઘેલા, ઉપપ્રમુખ પદે ભૂપતસિંહ ગરાસિયા, મહામંત્રીપદે રાજેન્દ્રસિંહ સગર, સહમંત્રીપદે દલપતસિંહ ઝાલા, સંગઠન મંત્રી પદે અતુલભાઈ સુથાર, ખજાનચી પદે ભુપેન્દ્રસિંહ ગરાસિયાની નિમણૂંક કરવા ઉપરાંત સલાહકાર સમિતિ તથા બ્લોકવાઈઝ પ્રતિનિધિઓની પણ નિમણૂક કરવામાં આવી હતી.

કાપડની થેલીનું નિઃશુલ્ક વિતરણ કરી જન્મદિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

કુડાસણ પાટિયા ખાતે રહેતા પર્યાવરણ પ્રેમી કુટુંબના પ્રદીપ સોલંકી અને મનીષા જોષી દ્વારા તેઓની દિકરી ધ્રુવાના જન્મદિન નિમિત્તે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તથા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'પ્લાસ્ટિક મુકત રાષ્ટ્ર' અભિયાનમાં ઉમદા સેવાયજ્ઞમાં સ્વૈચ્છિક સહભાગી થવાના હેતુસર પ્રદીપભાઈ તથા તેમના કુટુંબ દ્વારા કાપડની થેલીના નિઃશુલ્ક વિતરણનો પ્રારંભ કર્યો હતો.

સેકટર-૨૬ ન્યુ ગ્રીનસીટીના બંધ મકાનમાંથી સોના ચાંદીના દાગીના મળી કુલ ૯૭ હજાર મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨૬ ન્યુ ગ્રીનસીટી ખાતે રહેતા શિક્ષક દંપતિના બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશી તસ્કરોએ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૯૭ હજારની મત્તા લઈ ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના બિલીયા ગામના સાંકળચંદ પટેલનો દિકરો મનોજ અને તેની પત્ની ગાંધીનગર શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. શિક્ષક દંપતિ સે-૨૬ ન્યુ ગ્રીનસીટી પ્લોટ નં. જી-૫ ખાતે ભાડે રહે છે. પુત્ર ગાંધીનગર ખાતે રહેતો હોવાથી સાકળચંદ આવન-જાવન કરતા હતા. ગત તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ મનોભાઈને તાવ આવતા તેઓ પત્ની સાથે વતનમાં ગયા હતા જયાં નિદાન કરાવતા ડેન્ગ્યુ હોવાનું સામે આવતા સારવાર માટે મહેસાણા ખાતે એડમીટ કરાયા હતા. જેથી મનોજભાઈનું ગાંધીનગરનું મકાન બંધ હાલતમાં હતું ત્યારે સામે રહેતા બાબુજી વાઘેલાએ ઘરનો દરવાજો તુટેલો હોવાની જાણ કરી હતી. મનોજભાઈ તેમના પિતા સાથે ગાંધીનગર આવી પહોંચ્યા હતા જયાં દરવાજાનો નકુચો તુટેલો હતો અને અંદરનો સામાન અસ્ત વ્યસ્ત પડયો હતો. જયારે તિજોરીના લોક તુટેલા હતા. ઘરમાં તપાસ કરતા તિજોરીમાંથી દોઢ તોલાનો વજનનો સોનાનો દોરો કિંમત રૂ. ૬૫ હજાર, બે નંગ વીંટી કિંમત રૂ. ૨૦ હજાર તેમજ ૧૨હજારનું ચાંદીનું બ્રેસલેટ મળી કુલ રૂ. ૯૭ હજારની મત્તાની ચોરી થઈ હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાજપ વોર્ડ નં.૭ના ઉમેદવાર શૈલેષભાઈ પટેલ દ્વારા પોતાના વોર્ડમાં પૂરજોશથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં પ્રમુખ દિલિપસિંહ ગોલ અને કચરાજી ગોલ એ ભાજપ ઉમેદવારોનું સ્વાગત ફુલહારથી કર્યું હતું.

જન્મદિને વધામણી

પ્રેમ કનુભાઈ પ્રજાપતિ

ધૃવી રાકેશકુમાર જાની

દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫

જલ્પા જયંતીભાઈ પટેલ
મો. ૯૪૦૮૧ ૪૩૬૩૫

પ્રાન્સી હિમાંશુ પટેલ
મો. ૯૪૨૮૫ ૦૨૫૦૫

જાયન્ટસ ગ્રુપ સાહેલી દ્વારા યોગ શિબિર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૧

જાયન્ટસ ગ્રુપ સાહેલી દ્વારા જાયન્ટસ વિકની ઉજવણી રૂપે યોગ શિબિર તથા હેલ્થ અવેરનેસ માટે ન્યુટ્રીશીયન ફૂડના ઉપયોગ વિષેનો સેમિનાર યોજાયો હતો. જેમાં ૨૦થી વધુ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનાર સાહેલી પ્રમુખ સ્નેહાબેન પટેલ, પૂર્વ પ્રમુખ તથા યુ.ડી. ગાયત્રીબેન પટેલ દ્વારા ન્યુ ગ્રીન સીટી એફ.આઈ.એ. ભવન હોલમાં યોજાયો હતો.

આજે 'ડિજિટલ માર્કેટિંગના ફંડામેન્ટલ્સ' વિષયે માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૧

કોરોના કાળમાં નબળા પડેલાં વ્યવસાયોમાં નવો પ્રાણ પુરવામાં સોશિયલ મિડીયા સહિતના ડિજિટલ માર્કેટિંગ ખૂબ મહત્વનું માધ્યમ સાબિત થઇ રહ્યું છે. ગાંધીનગરમાં વ્યવસાયને અને કારકિર્દીને ઉંચાઇ પર લઇ જવા માટે માર્ગદર્શન આપવાના હેતુથી એડ્વિબ્લટ્ઝ એકેડેમી 'ડિજિટલ માર્કેટિંગના ફંડામેન્ટલ્સ' પર એક શક્તિશાળી ઓફલાઇન સત્ર સાથે આવી રહી છે. આ સત્રમાં જાણિતા ડિજિટલ માર્કેટિંગ નિષ્ણાંત ફોરમ મારફતિયા તેમનું વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનમાં હાજરી આપનારને ડિજિટલ માર્કેટિંગ ઉદ્યોગની ઝાંખી, આ ક્ષેત્રમાં કારકિર્દીની તકો, ડિજિટલ માર્કેટિંગ મોડ્યુલોની મૂળભૂત સમજ, ડિજિટલ માર્કેટિંગ કેમ મહત્વનું છે અને મૂળભૂત માર્કેટિંગ નિયમો વગેરે અંગે જાણકારી પ્રાપ્ત થશે. આ સત્ર તા.૨૨મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૭ થી ૯ કલાક દરમ્યાન ગાંધીનગરના સેકટર-૨૬ ખાતે ઇલેક્ટ્રોનિક્સ જીઆઇડીસીમાં પ્લોટ નં. ઇ-૭૨ ખાતે યોજાશે. આ સત્રમાં ભાગ લેવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું જરૂરી છે જે માટે વધુ વિગતો મેળવવા મો.૮૭૫૮૫૫૧૧૮૫ નંબર પર સંપર્ક સાધી શકાશે.

ગાંધીનગરના ૬ ખેલાડીઓએ નેશનલ અર્બન ગેમ્સમાં ૬ મેડલ્સ જીત્યાં

રાષ્ટ્રીય કક્ષાએ ૩ ગોલ્ડ તથા ૩ સિલ્વર મેડલ્સ જીત્યાં જે પૈકી ૩ સિલ્વર મેડલ્સ કિક બોક્સિંગમાં મેળવ્યાં

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ઉગતા ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ યશસ્વી પ્રદર્શન કરી શહેરને ગૌરવ અપાવી રહ્યા છે. તાજેતરમાં ગોવા ખાતે તા.૧૦ થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન અર્બન ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નેશનલ અર્બન ગેમ્સ ૨૦૨૦-૨૧માં ગાંધીનગરના ૬ ખેલાડીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ૩ ગોલ્ડ તથા ૩ સિલ્વર મળીને કુલ ૬ મેડલ્સ જીત્યાં છે જે પૈકી ૩ સિલ્વર મેડલ્સ તો કિક બોક્સિંગની રમતમાં પ્રાપ્ત થયાં છે.

ગોવા ખાતે અર્બન ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નેશનલ અર્બન ગેમ્સ ૨૦૨૦-૨૧ રમતોત્સવ યોજાયો હતો જેમાં ગાંધીનગરની ચાર્મી ચૌહાણે સ્કેટિંગમાં સિનિયર ગર્લ્સ કેટેગરીમાં, કશ્યપ ઠાકરે ૨૦૦ મીટર રેસમાં અન્ડર-૧૪ કેટેગરીમાં અને નૌશાદ પઠાણે ૨૦૦ મીટર રેસમાં અન્ડર-૧૯ કેટેગરીમાં ગોલ્ડ મેડલ્સ મેળવ્યાં છે. આ ઉપરાંત કિક બોક્સિંગમાં ભવ્ય રાઠોડે ૬૮-૭૦કિ.ગ્રામ કેટેગરીમાં, વિશાલ મકવાણાએ ૭૮-૮૦કિ.ગ્રામ કેટેગરીમાં અને શ્લોક ચૌહાણે ૪૮-૫૦કિ.ગ્રામ કેટેગરીમાં દ્વિતિય સ્થાન મેળવી સિલ્વર મેડલ્સ મેળવ્યાં છે. આમ કુલ શહેરના ૬ યુવા ખેલાડીઓએ મળીને રાષ્ટ્રીય કક્ષાએ ૩ ગોલ્ડ તથા ૩ સિલ્વર મળીને કુલ ૬ મેડલ્સ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

આ ખેલાડીઓની સિધ્ધિથી શહેરના બીજા પ્રતિભાશાળી ખેલાડીઓને પણ ખૂબ પ્રોત્સાહન મળ્યું છે.

ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા માલધારી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૧

મહાનગર ભાજપના માલધારી સેલ અને ગૌ સંવર્ધન સેલ દ્વારા ગોપાલક વિદ્યા સંકુલ સેકટર-૧૫ ખાતે માલધારી સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં મનપા ચૂંટણીના પ્રદેશ ઈન્ચાર્જશ્રીઓ રજનીભાઈ પટેલ(પ્રદેશ મહામંત્રી) અને અમીત ઠાકર, પ્રભારી મોહનભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાજપ વિકાસની રાજનીતિથી લડનારો એકમાત્ર પક્ષ છે આગામી મનપાની ચૂંટીમાં ઉત્તમ થી સર્વોત્તમ પાટનગરના નિર્માણ માટે વોર્ડ નંબર ૬ સહિત ૧૧ વોર્ડના ભાજપાના તમામ ઉમેદવારોને ભવ્ય વિજય અપાવવા ગોપાલક/માલધારી સમાજના નાગરિકોને પોતાનો અમુલ્ય મત કમળને આપવા માટે હાકલ કરી હતી.

પ્રદેશ દ્વારા નિમાયેલા મનપા ચૂંટણીના ઈન્ચાર્જ અમીત ઠાકરે જણાવ્યું હતું કે, માલધારી સમાજના લોહીમાં દેશભક્તિ છે. માલધારી સમાજ આગામી ચૂંટણીમાં સંપૂર્ણપણે ભાજપને સમર્થન કરીને ગાંધીનગરના વિકાસમાં પોતાનું યોગદાન આપશે તેવો શ્રી ઠાકરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર મહાનગર ભાજપા અધ્યક્ષ શ્રી ઋચિર ભટ્ટે જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં તમામ ૧૧ વોર્ડ ની ૪૪ સીટો પર માલધારી સમાજ વોર્ડ ૬ની ચારેય બેઠકો ઉપરાંત મહાનગરમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં મહત્વપૂર્ણ સક્રિય ભૂમિકા ભજવી ભાજપને વધુ મજબૂત બનાવશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી.

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સામગ્રી વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૧

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સરકારી શાળાના બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા માટે શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કર્યું હતું. પ્રધાનમંત્રી, નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૨ની સરકારી પ્રાથમિક શાળામાં ફૂલસ્કેપ ચોપડા, પેન્સિલ, રબર, ફુટપટ્ટીની કીટ અને બિસ્કીટનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ફીલ્મ કલાકાર જનકભાઈ ઠકકર, ડૉ. મયુર જોષી, આશાબેન સરવૈયા, વસંતીબેન ગુપ્તે, મનોજભાઈ જોષી, મનિષાબેન ત્રિપાઠી, હિમાંશુભાઈ મકવાણા, રાજુભાઈ ભટ્ટ, હરિશભાઈ સોલંકી, સંજય તન્ના, શાળાના આચાર્ય મીનાક્ષીબેન ઉપાધ્યાય અને શિક્ષકપણ ઉપસ્થિત રહ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર ડાહ્યાજી કાન્તીજી,** ઉ.વ. ૫૩, ગલથરા, માણસા
- **સ્વ. મકવાણા નિમેષભાઈ ત્રિકમભાઈ,** ઉ.વ. ૩૮, બોરીજ
- **સ્વ. શાહ નીતા અનુપમ,** ઉ.વ. ૬૫, કોબા
- **સ્વ. શાહ જયંતિલાલ પ્રેમચંદદાસ,** ઉ.વ. ૭૮, સે-૨૮